ક્રમાંક:-હિ-૨/નિભાવ અનુદાન/કન્યાઓની ફી/પ્ર.હપ્તો/૨૦૨૨-૨૩/૨૫૦૮૧-૯૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તા. ૧૭/૦૩/૨૦૨૩

વંચાણે લીધા:-૧.સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક,કમિ.શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગરના પત્ર
ક્રમાંક:ઘ/માધ્ય/મા-૧/વિનામૂલ્યેશિક્ષણ /૨૦૨૨-૨૩/૪૦૯૨-૪૧૨૪ તા.૧૪/૦૩/૨૦૨૩
૨.નોંધ ઉપર થયેલ નિર્ણય.

<u>કચેરી આદેશ</u>

વંચાણે લીધા ક્રમ-૧થી સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક,કમિ.શાળાઓની કચેરી, ગુ.રા.ગાંધીનગરના તા.૧૪/૦૩/૨૦૨૩ના આદેશથી આ જિલ્લામાં આવેલ આદિજાતિ વિસ્તારની નિભાવ અનુદાન લેતી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓની ધો.૯ થી ધો.૧૨ની વિદ્યાર્થીનીઓને વિનામૂલ્ય શિક્ષણ પુરૂં પાડવા માટેની યોજના માટે આ કચેરીના હવાલે રકમ રૂ.૧,૨૩,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ત્રેવીસ હજાર પૂરા) ગ્રાંટ ફાળવવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમ-૨થી નોંધ ઉપર થયેલ નિર્ણય મુજબ આ સાથે સામેલ રાખેલ પત્રમાં જણાવ્યા મુજબની આદિજાતિ વિસ્તારની શાળાઓમાં નિભાવ અનુદાન લેતી શાળાઓને સને-૨૦૨૨-૨૩ વર્ષની મળવાપાત્ર કુલ ગ્રાંટની ૩૦% લેખે બીજા હપ્તા પેટે કુલ રૂ.૧,૨૩,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ત્રેવીસ હજાર પૂરા) નીચેની શરતોને આધિન ફાળવવા આથી આદેશ કરવામાં આવે છે.

<u>શરતો:-</u>

(૧) આ યોજના જુન-૨૦૧૭થી શરૂ થનાર શૈક્ષણિક સત્રથી લાગુ પડશે.

(૨) આ યોજનાનો લાભ રાજ્ય સરકારે રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ (કન્યાઓ)ને મળશે.

(૩) રાજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી કોઈપણ વિદ્યાર્થીની (કન્યાઓ) પાસેથી કોઈપણ ફી લઈ શકશે નહી.

(૪) માત્ર નિભાવગ્રાંટ લેતી શાળાઓને વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) ફીની રકમ સરભર કરી ગ્રાંટ સ્વરૂપે આપવામાં આવશે. જ્યારે ફી વિકલ્પવાળી શાળાઓને ગ્રાંટ સ્વરૂપે ભરપાઈ કરી આપવામાં આવશે.

(૫) ફીની રકમ સરભર કરવા કે ફીની રકમ ભરપાઈ કરી આપવા સિવાય અન્ય કોઈ હેતુસર આ જોગવાઈ હેઠળ ફાળવવામાં આવેલ રકમનો ખર્ચ કરી શકાશે નહીં.

Scanned by CamScanner

(૬) રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) માટે વિદ્યાર્થીની દીઠ જે ફી નક્કી કરે તે પ્રવર્તમાન દરની મર્યાદામાં જ વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) ની ફી જ સંસ્થાઓને મજરે આપવાની રહેશે. તેમ છતાં કોઈ સંસ્થા સરકાર દ્વારા નિયત થયેલ દર કરતાં કન્યા માટે ઓછી ફી વસુલતી હોય તો ખરેખર વસુલવામાં આવતી ફી મુજબ મજરે આપવાની રહેશે.

(૭) રાજ્ય સરકાર રાજ્યના સહાયક અનુદાન (ગ્રાન્ટેડ નિભાવ અનુદાન અને ફી વિકલ્પવાળી) થી ચાલતી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓ (કન્યાઓ) પાસેથી કોઈપણ પ્રકારની ફી કોઈપણ સ્વરૂપે લેવાના સંજોગોમાં તે શાળાની ગ્રાંટ કાપી લઈ શાળાની નોંધણી રદ કરવા/ શાળાનો વહીવટ સરકાર હસ્તક લેવા સુધીના પગલાં લેવામાં આવશે.

આ અંગેનો ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષમાં નીચે જણાવેલ બજેટ સદરે પાડવાનો રહેશે.

<u>બજેટ હેડ</u>

માંગણી નં-૦૯૬

૨૨૦૨-સામાન્ય શિક્ષણ -૦૨-માધ્યમિક શિક્ષણ-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના-૦૨-બિન સરકારી માધ્યમિક શાળાઓને સહાય અને માધ્યમિક શિક્ષણનો વિનિયમિત વિકાસ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
કોડ નંબર-૩૫

પ્રતિ,
સંબંધિત શાળાના આચાર્યશ્રીઓ તરફ.
નકલ રવાના:-જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર

Scanned by CamScanner

વિદ્યાર્થીનીઓની (કન્યાઓ)ની ફી ની માહિતી દર્શાવતું પત્રક (આદિજાતિ વિસ્તાર)

| ક્રમ | શાળાનું નામ | શાળાઓને ચૂકવવાપાત્ર કુલ રકમ રૂ. |
|---|---|---|
| | **અમીરગઢ તાલુકો** | |
| 1 | આદિવાસી વિદ્યાલય, ઈકબાલગઢ | 2714 |
| 2 | લોકનિકેતન વિનયમંદિર, વિરમપુર | 3297 |
| 3 | શિવમ વિદ્યાલય, સરોત્રારોડ | 2515 |
| 4 | સૂર્યાબા ભામદિરા માધ્યમિક શાળા, આવલ | 2701 |
| 5 | આર.આર.વિદ્યાલય, અમીરગઢ | 3669 |
| | **દાંતા તાલુકો** | |
| 6 | રાજમણી વિદ્યાલય, સણાલી | 10936 |
| 7 | સરભવાનસિંહ વિદ્યાલય, દાંતા | 10956 |
| 8 | સ્વામિ એ.પી.ઉચ્ચ.માધ્ય.શાળા, હડાદ | 3786 |
| 9 | બી.ડી.આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી | 14193 |
| 10 | રિહેન એચ.મહેતા વિદ્યાલય, માંકડી | 7798 |
| 11 | ડી.ડી.ચોકસી વિદ્યાલય, નવાવાસ | 6981 |
| 12 | સત્યમ વિદ્યાલય, સોલસંડા | 6796 |
| 13 | પરિમલ વિદ્યાલય, પુંજપુર | 6054 |
| 14 | બી.કે.ભણસાલી ઉ.બુ.વિદ્યા. દલપુરા | 5259 |
| 15 | ભારત વિદ્યાલય, ભચડીયા | 5557 |
| 16 | સર.વિનયમંદિર, પીપળાવાળીવાવ | 5779 |
| 17 | જે.ડી.એસ.વિદ્યાલય, મોટાસડા | 5886 |
| 18 | અરવલ્લી કન્યા વિદ્યાલય, હડાદ | 18123 |
| | **કુલ સરવાળો** | **123000** |

અંકે રૂપિયા એક લાખ ત્રેવીસ હજાર પુરા

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
કોડ નંબર-૩૫

Scanned by CamScanner